


12 ઉમૂર ન્યૂઝલેટર

# સિલ્કે હયાત

## સિઝન ૨, અંક 5 , ગુજરાતી

શવ્વાલુલ મુકર્રમ હી.સ. ૧૪૪૪ -ઝિલહિજ્જતિલ હરામ હી.સ. ૧૪૪૪

બારિશ ખુદા તઆલાની નેઅમત છે. અને પાનીનુ Purest ઝરીઓ છે. જે વક્તમા આલમમા climate change અને બીઅતમા કિસમ કિસમના હલાત દરપેશ થઇ રહ્યા છે, એહમા Future નો ખયાલ કરતાં હુવા rain water harvest કરીને બારિશના પાનીને બચાવવુ ઘનુ અહમ છે. મૌલાનલ મિનઆમ ત.ઉ.શ.ના ઇર્શાદાત આલિયાહ મુતાબિક ઉમૂર સેહતના ખિદમત ગુઝારો પાનીની હિફાઝત વાસ્તે planning અને કોશિશ કરી રહ્યા છે.

# RAINWATER HARVESTING



શેખ કૌસરભાઇ નજમી | સેક્રેટરી: બુરહાની ફાઉંડેશન (INDIA)

**સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન ત.ઉ.શ. યે હમના બારિશના પાનીને harvest કરવા વાસ્તે મુમિનીન દરમિયાન એક નોહઝત કાઇમ ફરમાવી, આપના હિસાબસી આ નોહઝત પાનીની હિફાઝતમા અને climate change નો મુકાબલો કરવા વાસ્તે કઇ તરહ મદદ કરસે?**

અવલિયાઉલ્લાહ અ.સ. તમામ અમલ ઘની હિકમતસી અને દૂર અંદેશીસી કરે છે. બારિશના પાનીની હિફાઝત અને harvest કરવામા ઘના ફાયદાઓ છે. એહમાસી -પાનીને Natural અને Artificial tanks મા સમાવવુ, પાનીના આરાઓને ભરવુ, Water level ને maintain કરવુ, Rainwater Harvesting કરવાના short term અને long term ફાયદાઓમાસી છે.

ઇનફિરાદી અને ઇજતેમાઈ તૌર પર બારિશના પાની ને harvest કરવાની system ને install કરીને પાનીના હિફાઝતનો માહોલ તૈયાર કરી સકાય છે અને બીઅત પરસી વઝન કમ કરી સકાય છે. આ નોહઝત ફકત મુમિનીનને જ નહીં બલ્કે બીજા ઇબાદુલ્લાહ વાસ્તે ભી એક મિસાલ છે. તાકે સગલા આ રાહ પર બીઅત વાસ્તે ખયાલ કરીને અમલ કરે.

**આ શાન ની નિદાને મુમિનીનયે સું શાકેલતસી જવાબ દીધો?**

સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન આકા ત.ઉ.શ.ના ઇર્શાદે મુનીર અને દુઆ મુબારકસી મુખ્તલિફ ઇદારાતના ખિદમત ગુઝારો ૨૫૦ કરતા ઝિયાદા મવાઝેમા visits કીધી અને મુમિનીનને આ અમર બાબત આશકાર કીધા. મુમેનીંન યે મૌલાનલ મિનઆમ ત.ઉ.શ.ની આ નિદાને ઘના બેહતર શાકેલતસી લબ્બૈક કહ્યુ. સગલામા આ અમર વાસ્તે આશનાઈ અને ઝિમ્મેદારી પૈદા થઈ રહી છે. દાઉદી બોહરા કૌમ બીઅત વાસ્તે જે કોશિશો કરે છે એહમા Rainwater Harvesting એક ઘનો મોહટો અને અહમ હિસ્સો રાખે છે.

**બારિશના પાનીને harvest કરવાના short term અને long term ફાયદાઓ સું છે?**

બારિશના પાનીને harvest કરવામા બીઅત અને જમાઅત short term અને long term બેવે કિસમના ફાયદાઓ છે.

બારિશ ખુદા તઆલાની નેઅમત છે, કુરઆન મજીદ એમ વાઝેહ ફરમાવે છે કે અલ્લાહ તઆલાયે આસમાનસી પાની ઉતારુ છે. અને ઝમીનમા મિકદાર મુતાબિક એહને રાખવુ છે. તેસી અપને હમેશા પાનીની હિફાઝત વાસ્તે કોશિશ કરવી જોઇયે અને એહને ઝાએ થાવાસી બચાવવુ જોઇયે.

બારિશના પાનીને harvest કરવાના short term ફાયદા આ મિસલ છે:

૧. પાનીની હિફાઝત

૨. પાનીનો ખર્ચ કમ થાય

3. પાનીના આરાઓ હમેશા ભરા રહી સકે.

૪. Rainwater Harvesting સબબ બીસરી જગા પર Floods ન આવે.

બારિશના પાનીને harvest કરવાના short term ફાયદા આ મિસલ છે:

૧. આમ તૌર પર Water Management મા ફાયદા થાય છે.

૨. Climate change મા ફરક પડે છે.

3. પાનીની Quality બેહતર થાય છે.

૪. દકાલના વક્ત પર યે પાનીસી ફાયદા થાય છે.

## ઇનફિરાદી તૌર પર બારિશના પાનીને harvest કરવુ કિત્નુ મુશ્કિલ છે? યા કિત્નુ આસાન છે?

ઘના અસ્બાબના મદ્દે નઝર બારિશના પાનીને harvest કરવુ મુશ્કિલ યા સહેલ હોય છે. જે મિસલ કે મુનાસિબ જગા હોવુ, Finance મુહય્યા હોવુ, technical મહારત હોવુ, આ સગલા અસ્બાબના મદ્દે નઝર Rainwater Harvesting મુશ્કિલ યા આસાન હોય છે.

અગર જો મુનાસિબ અસ્બાબ અને મહારત હોય તો ઘના સેહલાઇસી એક એહવી system મુકી સકાય છે જેના સબબ ઘરના પાનીની ઝરૂરત પૂરી થઇ જાય.

## આ અમલ વાસ્તે મુમિનીનની હિમ્મત અફઝાઇ થાય એહના વાસ્તે તમારૂ યે સગલાને સું કેહવુ છે?

બારિશના પાનીને harvest કરવુ ઝાતી તૌર પર અને બીઅત (Environment) ના લિહાઝસી ઇસ્તિકામત (Integrity) લાવે છે.

અપના માહૌલના મુતાબિક જે ઝરૂરત હોય યે techniques મુહય્યા કરીને, માહેરીનસી ફાયદો લઇને આ અમલ કરવૂજ જોઇયે.

એમ યાદ રાખવુ જોઇયે કે પાનીનો એક એક કતરો ઘનો અહમ છે અને હરએક શખ્સના અમલસી ફરક પડે છે. જો સગલા આ અમરમા સાથ આપે તો સગલા સાથે મિલીને એક બેહતર અને શાનદાર Future તૈયાર કરી સકીએ છે.





## સું તમેં જાનો છો?

બરવાની સફર દરમિયાન ફૈઝુલ મવાએદિલ બુરહાનિયાહ મુતાલિક મૌલાનલ મિનઆમ ત.ઉ.શ.ના નિરાલા અમલો.







૧. જે મુમિનીનયે ફૈઝુલ મવાએદિલ બુરહાનિયાહની નિયાઝની ખિદમત કીધી યે સગલાને મૌલાનલ મિનઆમ ત.ઉ.શ.યે પોતાના હાથ મુબારકસી થાલી ઇનાયત ફરમાવી.

૨. આકા મૌલા ત.ઉ.શ. ફૈઝુલ મવાએદિલ બુરહાનિયાહના કીચનના મુઆઇના વાસ્તે પધારા. આપના હાથ મુબારક પર સફર થાલીની website launch થઇ. જેના ઝરીઆસી મુમિનીન હિન્દુસ્તાનના stations પર થાલી હાસિલ કરી સકસે.


૩. હઝરત આલિયાહમા દાના કમિટીના ખિદમત ગુઝારો વાસ્તે એક lucky draw કરવામા આયો.

૪. મૌલાનલ મિનઆમ ત.ઉ.શ.યે ફૈઝુલ મવાએદિલ બુરહાનિયાહના grain store મા શિફા બોલી.

૫. મૌલાનલ મિનઆમ ત.ઉ.શ.યે આપના હાથ મુબારકસી રોટી બનાવી. અને જે મુમેનાત રોટી બનાવે છે યે સગલાના હકમા દુઆ મુબારક ફરમાવી.

# RAINWATER HARVESTING

## નુ અમલ કઇ તરહ કરવુ?



# મસ્જિદના તામીરની ખિદમતની ખુશી

શેખ ઝૈનુદ્દીનભાઇ બરવાનીવાલા | વેપારી, બુરહાનીગાર્ડસ ઓફિસર



## તમને મસ્જિદના તામીરની ખિદમત વાસ્તે કઇ તરહ શૌક પૈદા થયો?

અદ્દાઇલ અજલ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન રિ.અ.યે અલ જામેઉલ અનવરના એહયા અને તરમીમનુ અમલ ફરમાવી એહનુ ઇફતેતાહ ફરમાયુ. યે અઝીમુશ્શાન મૌકેની બરકત લેવુ મને નસીબ થયુ. તિવારે સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન આકા રિ.અ.ના ચેહરા મુબારક પર જે ખુશીના આસાર હતા- એહના સબબ મને શૌક થયો કે એક દિન મેંભી મસ્જિદ બનાવવુ અને આપના કલ્બ મુબારકને ખુશ કરું.

## તમેં કઇ તરહ બરવાનીસી જોડાઇને રહ્યા છો? અને તમારા વતનમા મસ્જિદ બનાવવુ તમારા વાસ્તે કિત્નુ ખાસ છે?

ઘના વરસસી મૈં દુબઇ રહું છું મગર મારા વાલેદૈન બરવાનીમા રેહતા તેસી મૈં હમેશા બરવાનીસી જોડાયો હુવો રહ્યો છું. મૈં હર સાલ બરવાની જાતો. એક વક્ત વહાંસી એક મસ્જિદના renovation ની ખબર મિલી તો મૈં ભી બીજા મુમિનીનના સાથે ખિદમતમા શામિલ થયો. તકરીબન ૧૦ સાલ પેહલે સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન રિ.અ.યે – યે મસ્જિદનુ ઇફતેતાહ ફરમાયુ.

મારા દિલમા હજી ભી એમ ઉમ્મીદ બાકી હતી કે મૈં ખુદ એક મસ્જિદની મુકમ્મલ ખિદમત કરું ૧૦ સાલ બાદ મને એમ નસીબ થયુ કે એક તારીખી મસ્જિદને નવેસરસી બનાવાની ખિદમત કરું, યે મસ્જિદ ૧૩૦ સાલ પુરાની થઇ ગઇ થી, સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન આકા ત.ઉ.શ.યે એહની તાઅમીરની ખિદમત મને સોંપી. ૨.૫ સાલની મુદ્દતમા યે મસ્જિદ તૈયાર થઈ ગઈ અને આકા મૌલા ત.ઉ.શ. કરમ અને એહસાન ફરમાવીને બરવાની તશરીફ લાયા અને મસ્જિદનુ ઇફતેતાહ ફરમાયુ. આ મિસલ એક ઝિંદગીભરની ઉમ્મીદ પુરી થઇ ગઇ.

## આ સાલ અશરા મુબારકાની ઓહબત અને મુમિનીનના રફઉલ મુસ્તવાની હરકત બરવાનીસી શુરુ થઇ, વહાં સું માહોલ હતો?

બરવાની પધારવા કબ્લ આકા મૌલા ત.ઉ.શ.યે ફુકશીમા વાઅઝ મુબારકમા આ સાલ અશરા મુબારકા અને રફઉલ મુસ્તવાના અમલ થાય એહના ઇર્શાદે આલી ફરમાયા. હવે જિવારે મૌલાનલ મિનઆમ ત.ઉ.શ. બરવાની પધારા તો આપયે એમ ઇર્શાદ ફરમાયા કે બરવાનીમા હમનાજ આ અમલ શુરુ થઇ જાય. મૌલાના ત.ઉ.શ.ની ખુશી મુવાફિક બરવાનીમા તિવારેજ ખબરગીરી વાસ્તે અને તફહીમ વાસ્તે મુમિનીનના ઘરોમા જાવાનુ શુરુ થઇ ગયુ.

મૌલાનલ મિનઆમ ત.ઉ.શ. ખુદ ખાસ ૨ મુમિનીનના મકાનમા પધારા- જે ખસ્તા

(કમઝોર) હાલતમા હતા, મૌલા ત.ઉ.શ.યે તૌજીહ ફરમાવી કે બેવે મકાન જલ્દ અઝ જલ્દ તૈયાર થઇ જાય. અને મૌલા ત.ઉ.શ. બરવાનીસી વદા થાય- એહના પેહલે યએ કામ બહમ્દિલ્લાહે તઆલા પૂરુ થઇ ગયુ.



મૌલા ત.ઉ.શ.ની યારીસી હમેં યે કામ કરી સકા અને એહની તસ્વીરો હઝરત આલિયાહમા અરઝ થઇ. તકરીબન ૪૦ ઘરોમા gas pipes અને electrical wiring દુરુસ્ત કરવામા આયા. બાઅઝ કામો તિવારે શુરુ થયા હતા જે હજીભી જારી છે.



જે વક્ત મકાન દુરુસ્ત હસે તો ઝેહન સુકૂનમા હસે. અને ઝેહન દુન્યવી કામોસી ફારિગ હસે તો અશરા મુબારકાની તૈયારી પર તરકીઝ કરી સકસે. ઇમામ હુસૈનની ઝિકર પર નૌહા અને અવીલ વાસ્તે તૈયાર થઇ સકસે. યેજ મિસલ એહના સબબસી આકા મૌલા ત.ઉ.શ.ના ફરમાન મુતાબિક વક્તના પેહલે અશરા મુબારકામા વાઅઝમા હાઝિર થાવુ સહેલ થઇ જાય છે.



# આલમે ઈમાનસી એક ઝલક



વેપારની counselling

## ગોરેગાંવ

ગોરેગાંવમા જે મુમિનીન service મા હતા એહમાસી ૪ મુમિનીનને ધનીતફ્હીમ કીધી. પોતાના કારોબાર શૂરુ કરવા વાસ્તે રાયસી મદદ કીધી અને counselling કીધી. બેહમ્દિલ્લાહ આજ યે સગલા વેપારમાં આવી ગયા છે અને મૌલાનલ મિનઆમ ત.ઉ.શ.ની દુઆ મુબારકસી ઘના કામયાબ ભી થયા છે.







શેખ. ફઝલે હુસૈનભાઇ હાફિઝજી, આમિલ સાહેબ



વાજેબાત Token System

## સિકંદરાબાદ




શહ્રૂલ્લાહિલ મુઅઝઝમ હી.સ. ૧૪૪૪ મા વાજેબાતની તખમીન વાસ્તે જમાઅતની website પર token issue કરવાની system શૂરુ કીધુ.

Week days મા રોઝના ૫૦ slots અને weekend પર ૧૦૦ slots ખોલવામા આવતા. આઅ system ના સબબ વાજેબાતનો નિઝામ ઘનો સહેલ અને fast થઈ ગયો. ગુઝિશતા વરસોમા રોઝાના ૪-૫ કલાક થાતા હતા મગર આઅ વરસ રોઝાના ૨ કલાકમા તખમીન મુતાબિક અમલ થઈ જાતુ. આ system ના બાદ તકરીબન ૯૦% મુમિનીનયે લૈલતુલ કદ્ર પેહલા વાજેબાત અદા કરી દીધી.

અબ્દુલકાદિર ખેરાલુવાલા, ઉમૂર દાખિલીયાહ coordinator

# આલમે ઈમાનસી એક ઝલક

## Plastic Recycling Drive
## થાના




CERTIFICATE
OF APPRECIATION
AWARDED TO
DAWOODIBOHRA
for active contribution in the BOTTLES FOR CHANGE Program by taking a step towards Cleaner & Safer Environment by pledging and sending 100% clean and segregated plastic for recycling.
2022 - 2023
CHANGE YOUR BEHAVIOUR
SAVE YOUR ENVIRONMENT
BE RESPONSIBLE RECYCLE PLASTIC
Angelo George
Chief Executive Officer



થાનામા જમાઅતના premises માસી જે ભી plastics જમેઅ થાય છે- જેમ plastic ની bottles, સફરા વગૈરા, એહને હફતાના અખીરમા યા મહીનાના અખીરમા NGO ના ઝરીઆ Bisleri ના plant માં મોકલાવી દઇયે છે.

આ મિસલ ૬ મહીનાસી અમલ થઈ રહ્યુ છે. આ અમલના સબબ નઝાફતનુ ભી અમલ થયુ અને જમાઅત level પર relation ભી કાઇમ થયા. હવે મવાઇદના કિચનસી જે waste નીકલે છે એહના composting વાસ્તે અમલ શુરૂ કરીસું ઇન્શા અલ્લાહ.

શબ્બીરભાઈ વોહરા, ઉમૂર સેહત coordinator

## ખુશીના મૌકે પર Fun Fair
## હોંગકોંગ



ઈદુલ ફિત્રના મૌકે પર હોંગકોંગમાં funfair કરવામા આયો. એહમા food stalls mumineen hunar expo, games stalls લગવામા આયા. ઘના મુમિનીનયે એહમા શામિલ થઇને ફાયદો લીધો.





મુલ્લા તાહેર શેખ અબ્દુલકાદિર મુછાલા

# આલમે ઈમાનસી એક ઝલક

૧૨ ઉમૂર માઅરઝ

## DETROIT



Detroit મા ૧૨ ઉમૂરના મેમ્બર્સયે ૧૨ ઉમૂરનુ એક માઅરઝ તૈયાર કીધુ. જેમા હર ઉમૂરના મેમ્બર્સયે પોતાના ઉમૂરની ઝિમ્મેદારીયો ઘના ખૂબીસી લતીફ અંદાઝમા સમજાવી. અને એહના સાથ પોતાના હમના લગના Achievements અને આગેના Goals ની ઝિકર કીધી.

આ માઅરઝ સબબ મેમ્બર્સને અને મુમિનીનને તમામ ઉમૂર મુતાઅલ્લિક ઘની આશનાઇ થઇ.






શેખ મુર્તઝાભાઇ ભાનપુરાવાલા, આમિલ સાહેબ

કુરઆન મજીદનો દૌર

## ડેલ્લાસ







મૌલાનલ મિનઆમ ત.ઉ.શ.યે કુરઆન મજીદના દૌર વાસ્તે આપની મંશા ઝાહિર ફરમાવી. એહના મુતાબિક અદ્દાઇલ અજલ સૈયદના અબદેઅલી સૈફુદ્દીન રિ.અ.ના ઉર્સ મુબારકના મિકાત પર મુમિનીનને તફહીમ થઇ. મૌલાનલ મિનઆમ ત.ઉ.શ.ને "લબ્બેક" કેહતા હુવા ૫૫ ઘરોમા મુમિનીન કુરઆન મજીદના દૌરનુ અમલ કરી બરકત લે છે. યે બાબત- યે સગલાનુ follow up ભી થાય છે.

શેખ તાહા શેખ ફખરુદ્દીન જમાલી. આમિલ સાહેબ


# SILK-E-HAYAAT ARCHIVES




Season 2 Edition 4




Season 2 Edition 3




Season 2 Edition 2




Season 2 Edition 1




Season 1 Edition 13




Season 1 Edition 12



Season 1 Edition 11



Season 1 Edition 10



Season 1 Edition 9

HUMAN RESOURCES

SILK-E-HAYAAT